# ૪, ઓગષ્ટ–૨૦૧૫ (મંગળવાર)

## (૧) જગન્નાથસિંહ :–

- મધ્યપ્રદેશના પૂર્વપ્રધાન અને ભાજપના વરિષ્ઠ નેતા જગન્નાથસિંહનું અવસાન.
- તેઓ વર્ષ ૨૦૦૮ થી ૨૦13 દરમિયાન ભાજપ સરકારમાં શ્રમમંત્રી હતા.
- ૧૯૭૭માં સૌ પ્રથમવાર તેઓ ધારાસભ્ય તરીકે દેવસરમાંથી ચૂંટાયા હતા.

## (૨) રિયો ઓલિમ્પિક્સ–૨૦૧૬ :–

- બ્રાઝિલના રિયો ડી જેનેરો ખાતે વર્ષ ૨૦૧૬માં સમર ઓલિમ્પિક યોજાશે.
- ૫ થી ૨૧ ઓગષ્ટ, ૨૦૧૬ આ ૧૭ દિવસ દરમિયાન કુલ ૨૮ રમતની ૩૦૬ ઇવેન્ટ ખેલાશે.
- આ વખતે નવી રમતમાં ગોલ્ફ, રગ્બી સેવન્સ અને વિન્ડ સર્ફિંગનો સમાવેશ કરાયો છે.
- ઓલિમ્પિક્સ ૨૦૧૬ નું સુત્ર :– 'લિવ યોર પેશન'
- ઓલિમ્પિક્સના લોગોમાં પીળો, લીલો અને બ્લ્યુ રંગનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.
- આ લોગોનો આકાર રિયોડી જેનેરોના પર્વત સુગરલોફ માઉન્ટેનને મળતો આવે છે જેની ઉંચાઇ ૧૨૯૯ ફિટ છે.
- ઉર્જા, વિવિધતા, કુદરત અને ઓલિમ્પિક સ્પિરિટ એમ ચાર બાબત આ લોગો દર્શાવે છે.
- ઓલિમ્પિક–૨૦૧૬ની યજમાની માટે ૭૦૦ અબજ રૂપિયાનો ખર્ચ થશે એવું અનુમાન લગાવાય રહ્યું છે.
- ભારતમાં અત્યાર સુધીમાં ક્વોલિફાય થયેલ ટીમ ખેલાડી અને રમત :

**આર્ચરી :–**

(૧) મેન્સ ઇન્ડિવિડ્યુઅલ
(૨) વિમેન્સ ઇન્ડિવિડ્યુઅલ
(૩) વિમેન્સ ટીમ
(૪) વિમેન્સ ટીમ રિકર્વ
(૫) મેન્સ ઇન્ડિવિડ્યુઅલ રિકર્વ

**એથ્લેટિક્સ :–**

(૧) ઇન્દ્રજીતસિંહ–મેન્સ શોટ પટ
(૨) લલિતા બાબર : વિમેન્સ ૩ હજાર મીટર સ્ટિપલચેઝ
(૩) ઓ.પી. જૈશા, લલિતા બાબર : વિમેન્સ મેરેથોન
(૪) ખુશબીર કૌર : વિમેન્સ ૨૦ કી.મી. વોક

ફિલ્ડ હોકી : મેન્સ હોકી ટીમ

**શૂટીંગ :–**

(૧) અભિનવ બિંદ્રા : મેન્સ ૧૦ મીટર એર રાયફલ
(૨) ગુરપ્રીત સિંહ : મેન્સ ૧૦ મીટર એર પિસ્તોલ
(૩) જીતુ રાય : મેન્સ ૫૦ મીટર પિસ્તોલ
(૪) ગગન નારંગ : મેન્સ ૫૦ મીટર રાયફલ પ્રોન
(૫) અપૂર્વી ચાંડિલા : વિમેન્સ ૧૦ મીટર એર રાયફલ

## (૩) FTII :–

- ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઇન્સિટ્યુટ ઓફ ઇન્ડિયા
- વડુમથક : પૂણે
- હાલમાં FTIIના ચેરમેન : ગજેન્દ્ર ચૌહાણ : અભિનેતા

## (૪) નાગાલેન્ડના ઉગ્રવાદી સંગઠન NSCN (IM) સાથે ભારત સરકારે શાંતિ સમજૂતી કરી :–

- ભારતના ઉત્તર પૂર્વિય રાજ્ય નાગાલેન્ડના ઉગ્રવાદી સંગઠન નેશનલ સોશિયલ કાઉન્સિલ ઓફ નાગાલેન્ડ

(આઇ એમ) એ ભારત સરકાર સાથે શાંતિ સમજૂતી કરી લીધી છે.

- નેશનલ સોશિયલ કાઉન્સિલ ઓફ નાગાલેન્ડ સંગઠનની સ્થાપના ઇસાક ચિશી, થુઇંગલેંગ મુઇવા અને એસ.એસ ખપલાંગ દ્વારા થઇ હતી.
- ૧૯૮૮માં આ સંગઠનમાં NSCN (ઇસાક, મુઇવા) અને NSCN (ખપલાંગ) એમ બે ભાગ પડી ગયા હતા
- ખપલાંગ હાલમાં મ્યાનમારથી ઓપરેટ થાય છે.
- ભારત સરકારનો શાંતિ સમજૂતી કરાર NSCN (ઇસાક, મુઇવા) સાથે થયો છે.

## (૫) ભારતનું પ્રથમ અણુ રિએક્ટર 'અપ્સરા' :-

- ૧૯૫૬ આજના દિવસે ભારતના પ્રથમ પરમાણુ રિએક્ટર 'અપ્સરા' ને સ્ટાર્ટ કરવામાં આવ્યું હતું.
- 'અપ્સરા' માત્ર ભારતનું જ નહીં પરંતુ આખા એશિયાનું પ્રથમ પરમાણુ રિએક્ટર હતું.
- આ અણુ રિએક્ટર ૨૦ જાન્યુઆરી ૧૯૫૭ના રોજ રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવ્યું હતું જેને ૨૦૧૦માં સ્થાયી રૂપથી બંધ કરવામાં આવ્યું છે.
- પૂર્વ વડાપ્રધાન જવાહરલાલ નહેરૂએ તેને 'અપ્સરા' નામ આપ્યું હતું.

## (૬) દીપા કરમાકર : જિમ્નાસ્ટ :-

- ભારતની દીપા કરમાકરે એશિયન જિમ્નાસ્ટિક્સ સ્પર્ધામાં બ્રોન્ઝ મેડલ મેળવ્યો.
- આ સ્પર્ધાનું આયોજન જાપાનના હિરોશીમામાં થયું હતું.
- ૨૦૧૪ની કોમનવેલ્થ ગેમ્સમાં દિપાએ બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.

## (૭) કુમાર સાંગાકાર : શ્રીલંકન ક્રિકેટર :

- શ્રીલંકાના સ્ટાર ક્રિકેટર કુમાર સાંગાકારા ૧૨ મી ઓગસ્ટથી શરૂ થનારી ભારત સામે ત્રણ ટેસ્ટની શ્રેણીની પહેલી બે ટેસ્ટ રમ્યા બાદ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તી લેશે.
- આ ટેસ્ટ શ્રેણીની યજમાની શ્રીલંકા કરી રહ્યું છે. તેથી સાંગાકારા ઘરઆંગણે નિવૃત્તી લેશે.
- ત્રણેય પ્રારૂપોમાં સાંગાકાર ભારતના તેંડુલકર બાદ સૌથી વધુ રન બનાવનારો બીજો બેટ્સમેન છે.
- સચીને કુલ ૬૬૪ મેચમાં ૩૪૩૫૭ રન બનાવ્યા છે. જ્યારે સાંગાકારાએ ૫૯૨ મેચમાં ૨૭૯૨૧ રન બનાવ્યા છે.
- સર્વાધિક બેવડી સદી ફટકારવાની બાબતમાં પણ તે ડોન બ્રેડમેન બાદ બીજો ખેલાડી છે.
- બ્રેડમેન બાદ બીજો ખેલાડી છે.
- બ્રેડમેને ૧૨ બેવડી સદી બનાવી છે જ્યારે સાગાકારાએ ૧૧ બેવડી સદી નોંધાવી છે.
- સાંગાકારાએ આ વર્ષે વન-ડે વર્લ્ડકપમાં સતત ચાર સદી ફટકારવાનો રેકોર્ડ પણ બનાવ્યો હતો.

## (૮) સમાચાર પત્ર દિવ્ય ભાસ્કર જૂથની ૬૦ મી આવૃત્તીનો પ્રારંભ થયો :-

- તાજેતરમાં બિહારની ધાર્મિક નગર ગયામાં દૈનિક ભાસ્કરની ૬૦ મી આવૃત્તીનો પ્રારંભ થયો છે.

વિવેકાનંદ એકેડમી (સે.૨૨) મો.૯૯૨૫૬૯૮૭૨૧